**ફો.કે.નં.:– ૯૩૯/૨૬**

# <u>આરોપીની પ્લી બાર્ગેનિંગની અરજી લગત હુકમ:–</u>

(૧)આ કામના **<u>આરોપી કિરણભાઈ લાજરશભાઈ વસાવાનાઓને ગુજરાત પ્રોહીબીશન કાયદાની કલમ ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ– ૧૮૫</u>** મુજબનો ગુનો નોંધાયેલ જે અંગે પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ–૧૯૩ હેઠળ ચાર્જશીટ રજુ કરેલ છે/ફરીયાદીએ આરોપી સામે ખાનગી ફરીયાદથી દાખલ થયેલ છે અને ત્યારબાદ આરોપીઓ સામે કોર્ટ ધ્વારા પ્રોસેસ ઈસ્યુ કરવામા આવેલ.

(૨)આ કામના બી.એન.એસ.એસ.ની કલમ–૨૯૦ મુજબ પોતાની સ્વેચ્છાએ અને મરજીથી ઉપરોકત ગુનાના કામે ગુનો કબુલ કર્યા સિવાય આરોપીએ સજા કરવા અંગે પ્લી બાર્ગેનિંગ કરવાની અરજી આપેલ છે. જે અત્રેની અદાલત ધ્વારા આરોપીને ઈન કેમેરા તપાસતા આરોપીએ સ્વૈચ્છિક કબુલાત કરેલા હોવાની ખાત્રી કરેલી છે.

(૩)ત્યારબાદ આ કોર્ટ ધ્વારા કેસના સંબંધિત પક્ષકારોને નોટીસ કાઢવામા આવેલ ત્યારબાદ ફરીયાદી/ભોગ બનના/એપીપીશ્રી તથા પોલીસ સ્ટેશનના જવાબદાર કર્મચારી હાજર થયેલ તેઓને આરોપી ધ્વારા પ્લી બાર્ગેનિંગની અરજી અંગે માહિતગાર કરવામા આવેલ તથા આ કામના તમામ પક્ષકારોએ ભેગા થઈ સ્વેછિક રીતે અત્રેની અદાલત સમક્ષ પ્લી બાર્ગેનિંગ સંદર્ભે સંમતીથી સંતોષકારક પ્રબંધ રજુ કરવામા આવેલ છે.

(૪)આરોપી સામે જે આક્ષેપિક ગુનાની કલમો છે તે મહતમ સજાની જોગવાઈ ૭ વર્ષની છે તથા આ ગુનાના કામે ભોગ બનનાર સ્ત્રી તેમજ ૧૪ વર્ષની નીચેની વયના બાળકો નથી અને આ કેસનુ સ્વરૂપ જોતા આ કેસનો ગુનો સમાજીક તથા આર્થિક ગુનામા સમાવેશ થતો નથી અને કેન્દ્ર સરકારના નોટીફિકેશન નં. *S.O 1042(E), dated 11th July of 2006* મા આપેલ કાયદાના લીસ્ટમા પડતો નથી. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના રીટ પીટીશન(પી.આઈ.એલ.)નંબર–૨૮૯/૨૦૧૩. કીરીટભાઈ બી. સંઘવી વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામા ઠરાવ્યા મુજબ આ પ્રકારના કેસો પ્લી બાર્ગેનિંગ કરી સ્પેશિયલ સીટીંગમા નીકાલ કરી શકાય છે.

(૫)જેથી આરોપીની પ્લી બાર્ગેનિંગની અરજી ગ્રાહય રાખવાપાત્ર છે અને પક્ષકારો તેમની વચ્ચે સંતોષકારક ગુનો અંગેની સંમતિ કરારદાદ કરવામા સફળ રહેલ છે.

(૬)વધુમા તાજેતર વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સોનાધાર વી.છતીસગઢ રાજય સ્પેશિયલ લીવ પીટીશન નંબર ૫૨૯/૨૦૨૨ તા.૧૭–૦૮–૨૦૨૨ ના પેજ ક્રમાંક.૬ મુજબ અવલોકન કરેલ છે તે મુજબ તે નીચે મુજબ છે.

> .... Mr. Neeraj Kumar Jain, Sr. Adv. and Amicus Curiae in the matter has drawn our attention to the recognized practice in USA of 'Alford plea' and the 'nolo contendere plea'. In fact his submission is that such a course can be adopted even without any legislative action. The ascription of plea arose out of a judgment in North Carolina v. Alford, 400 U.S. 25 (1970) by the U.S. Supreme Court, where an accused pleads guilty not because of an admission to the crime but on an admission that the prosecution has sufficient evidence to obtain a conviction, in order to secure a lesser sentence than may be awarded at trial. A nolo contendere plea' is a plea of no contest without admission of

==============================================================================

guilt i.e. the accused chooses neither to admit the charge against them, nor to contest it. Both these types of pleas permit an accused person to maintain their innocence, while simultaneously permitting them to consent to their conviction.

The aforesaid suggestion is made in the context of the fact that at times the accused have hesitancy in accepting their conviction under a particular offence which may lead to other civil consequences.

It is his suggestion that such a course of action can become the basis of "mutually satisfactory disposition" in criminal cases where the accused may concede conviction without conceding guilt in exchange for the State conceding no further imprisonment, all within the existing framework of plea bargaining. Since the meeting to work out a satisfactory disposition of a case under Section 265C of the CrPC is to be conducted by the Court in the presence of the public prosecutor, victim and accused, the plea of the accused mayor may not be accepted by the State or the Court, depending upon the nature of the crime and the impact of the crime on the victim. Such a plea may also be accepted subject to the accused agreeing to compensate the victim how severely a victim was affected by the offence. It is thus suggested that the involvement of the court in the process will ensure that there is judicious application of guidelines which the Hon'ble Supreme Court may lay down to deal with such cases while simultaneously ensuring that there is flexibility to distinguish unique or more heinous cases.

We call upon the learned Amicus Curiae (s) to look into this aspect and the feasibility of incorporating the same as part of an order apart from any legislative exercise which may be recommended with consultation with Mr.Neeraj Kumar Jain, Senior Advocate.

ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના અવલોકન મુજબ આરોપીએ પ્લી બાર્ગેનિંગના આધારે કેસના ગુણદોષમા ઉતર્યા વગર ગુનાની સજા કરવા તરફના અવલોકનો કરેલ છે. આમ આ કામના આરોપીનો આ ગુનાના કામે નિર્દોષ હોવાનો દરજજો જાળવી રાખવાનો રહે છે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

(૭)આમ, આ કામના આરોપીની હાલની પ્લી બાર્ગેનિંગ અરજી મંજુર કરવામા આવે છે અને આરોપીનો ''નિર્દોષ'' હોવાનો દરજજો જાળવી રાખી, નીચે મુજબનો હુકમ કરવો મને ઉચિત જણાઈ આવે છે.

**<u>આખરી હુકમ</u>**

૧. આ કામના **<u>આરોપી કિરણભાઈ લાજરશભાઈ વસાવાનાઓને ગુજરાત પ્રોહીબીશન કાયદાની કલમ ૬૬(૧)(બી) મુજબ ૫૦૦/- નો દંડ તથા એમ. વી. એકટ ૧૮૫ મુજબ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.</u>** ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ-૨૯૦ મુજબ હુકમ કરવામા આવે છે.

૨.આ કામના આરોપીને સારી ચાલ ચલગત તથા ઉમર તથા સામાજિક, આર્થિક પરિસ્થિતિને ઘ્યાને લેતા આરોપીને હાલના કામમા આરોપીને ઠપકો આપીને તથા રૂા. ૫૦૦/- દંડ કરીને છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

==============================================================================

==============================================================================

૩. આ કામના આરોપીએ અગાઉ આ ગુનાના કામે કેદની સજા ભોગવેલ હશે તો તેને બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ પ્રમાણે મજરે આપવામા આવશે.

૪.ઉપરોકત ગુનાના કામે થયેલી સજા એકસાથે ભોગવવાની રહેશે.

૫.આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ આ કેસના હુકમની નકલ તાત્કાલિક વિનામુલ્યે આપવાની રહેશે.

૬.આ કામે આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૯ પ્લી બાર્ગેનિંગની અરજીમા આપેલ નિવેદન અને કબુલાત ફકત પ્લી બાર્ગેનિંગના ચેપ્ટર સિવાય અન્ય કોઈ કામે ઉપયોગમા લેવાનુ નથી.

૭.આ કામે અગાઉ મુદામાલ અંગે કોઈ હુકમ થયેલો હોય તો કાયમ રાખવામા આવે છે તેમજ વચગાળાનો હુકમ ના થયેલો હોય તેવો મુદામાલ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવો.

**તારીખ:૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ: સોનગઢ.**

**(એમ.ડી.પરમાર)**
**જજ કોડ નં. જીજે ૦૧૩૦૪**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.**

==============================================================================